# ભારતની આધાર યોજનાનો વિશ્વભરમાં ડંકો

## વર્લ્ડ બેંક પણ આધાર યોજનાથી ખુબ જ પ્રભાવિત : આધાર યોજના લાગૂ કરવા સાથે જોડાયેલા પોતાના બધા અનુભવ અન્ય દેશોની સાથે શેયર કરવા ભારતને અપીલ

નવી દિલ્હી,તા. ૯

ભારતની મહત્વકાંક્ષી યોજના આધારને લઈને વિશ્વ બેંક પણ ભારે પ્રભાવિત છે. ભારતના આધારનો ડંકો હવે સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. વર્લ્ડ બેંકે યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાને કહ્યુ છે કે તે આધાર યોજનાને લાગુ કરવાના પોતાના અનુભવ અંગે વાત કરે. આધાર યોજના અંગે વિશ્વના અન્ય દેશો સાથે પણ વાત કરવામાં આવે તે જરૂરી છે. આ યોજના અંગે વિશ્વના બીજા દેશોને પણ જાણકારી આપવી જોઈએ. બીજી બાજુ યોજનાના ઓફિસર અજય ભુષણે કહ્યુ છે કે નાઈજિરિયા વર્લ્ડ બેંકની રજૂઆત બાદ પોતાની ટીમને અભ્યાસ કરવા માટે મોકલી દેવાની તૈયારી દર્શાવી છે. નાઈજિરિયાની ટીમ પહોંચીને વધારે અભ્યાસ કરશે. આ કામ માટે નાઈજિરિયાની ટીમ ટુક સમયમાં જ ભારત પહોંચનાર છે. વિશ્વના દેશો પણ આનાથી શિખે તે જરૂરી છે. નામ જાહેર નહી કરવાની શરતે એક અધિકારીએ કહ્યુ છે કે આધારમાં બીજા દેશ પણ રસ લઈ રહ્યા છે કે ભારતમાં સૌથી મોટા બાયોમેટ્રિક ડેટા બેઝની તૈયારી ચાલી રહી છે. ભારત હવે મોટા કેન્દ્ર તરીકે છે. આ મામલે ભારત આફ્રિકા અને એશિયાના બીજા દેશો કરતા ખુબ આગળ છે. આ દેશોની પાસે નાગરિકોના ડેટા બેઝ છે પરંતુ તે પેપર બેઈજડ રજિસ્ટ્રાર રેકોર્ડ સુધી મર્યાદિત છે. બીજા દેશોની સરકારો પણ અભ્યાસ કરવા માંગે છે. કઈ રીતે ૧૦૪ કરોડ લોકોના સ્ટ્રોગ બાયોમેટ્રિક ડેટા બેઝની તૈયારી કરવામાં આવી છે.

કોઈની ઓળખ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કઈ રીતે કરી શકાય છે તે જાણવા માટે વિશ્વના દેશો ઉત્સુક છે. યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સીઈઓનું કહેવું છે કે, અનેક દેશોએ આ યોજના સાથે ખાનગીરીતે મદદ માંગી છે. આ દેશોમાં પડોશી દેશના રાજકીય ભાગીદાર અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશનો પણ સમાવેશ થાય છે.આ બંને દેશોની ટીમ પણ યુઆઈડીએઆઈને જોવા માટે ભારત આવી ચુકી છે. વર્લ્ડ બેંકની સાઈટ ઉપર જણાવવામાં આવ્યું છે કે,દુનિયાભરમાં દોઢ અબજ લોકોની પાસે તેમની કાયદાની ઓફખના પ્રમાણપત્ર તરીકે અનેક સત્તાવાર, સરકારી અને માન્યતા પ્રાપ્ત દસ્તાવેજ નથી. આમાથી મોટાભાગના લોકો એશિયામાં અને આફ્રિકામાં છે.



## બાયડમા હિન્દુ મુસ્લિમ ભાઇચારા ની મિશાલ પુરી પાડતો વિસામો

અરવલ્લી જીલ્લા નાં માર્ગો અંબાજી જતા પદયાત્રીઓ થિ ઉભરાયા છે તયારે સમગ્ર માર્ગ બોલ મારી અંબે... જય જય અંબે નાં નાદ થિ ગુંજી ઉઠ્યા છે તયારે બાયડ શહેર મા છેલ્લા ત્રણ વર્ષ થિ બાયડ પ્રીત પાર્લર આગળ હિન્દૂ મુસ્લિમ સમાંજ નાં યુવાનો નાત જાત નો ભેદભાવ ભૂલી અને મા અંબા નાં ચરણો મ સીસ નમાવા જતા ભક્તો ની સેવા મા ૨૪ કલાક ચા અને બિસ્કીટ નું ભક્તો ને લાભ આપી રહ્યાં છે તયારે આ હિન્દૂ મુસ્લિમ સમાંજ નાં યુવાનો દ્વારા એકઠા થૈંઈ ચાલવામા આવતો વિસામા ઉપરથી ગણી શીખ લેવા જેવી છે.

# વર્ગમાં ભયમુક્ત વાતાવરણ સર્જી શકે તે સાચો શિક્ષક

## નર્સિંગ કોલેજના યજમાન પદે યોજાયેલ કાર્યક્રમમાં સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલના "સ્વયં શિક્ષકોને" સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના યજમાન પદે શિક્ષક દિન અંતર્ગત આજે નાથીબા હોલ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલની સંસ્થામાં સ્વયં શિક્ષક દિન નિમિત્તે આચાર્યની ભૂમિકા ભજવનાર ૩૩ વિદ્યાર્થીઓને શિલ્ડ-પ્રમાણપત્રો આપી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત વક્તૃત્વ સ્પર્ધાના વિજેતાઓને પણ આ તબક્કે સન્માનવામાં આવ્યા હતા.

સર્વ વિદ્યાલય સંકુલના સંચાલક હોદેદારો વલ્લભભાઈ પટેલ, કનુભાઈ પટેલ, સોમભાઈ પટેલ તેમજ ડૉ. આર.જે. વ્યાસ સહિત સંસ્થાઓના આચાર્યોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતું



કે શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે જેમાં વર્ગમાં ભયમુક્ત વાતાવરણ સર્જી શકે તે સાચો શિક્ષક છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે તમામને સ્વચ્છ ભારતના નિર્માણમાં ભાગીદાર થવા સાથે પાણી-વીજળી વગેરે સંશાધનોના કરકસરયુક્ત ઉપયોગ કરવાનો સામાજિક સંદેશ પાઠવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના યજમાનપદે કરવામાં આવ્યું હતું.

## મની લોન્ડરિંગ કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એફઆઈઆરના આધાર પર કોંગ્રેસના નેતા સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જે હેઠળ તપાસ સંસ્થાએ ગયા સપ્તાહમાં જ હરિયાણા અને રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. તપાસ સંસ્થાએ ગુનાની પ્રક્રિયા હાથ ધરતા પહેલા વિવિધ પાસાઓમાં તપાસ હાથ ધરી છે. આરોપીઓ સામે હવે સમન્સ જારી કરવામાં આવશે. તપાસના ભાગરુપે પીએમએલએ હેઠળ એકત્રિત ફંડમાં પણ તપાસ કરવામાં આવશે. સપ્ટેમ્બરમાં ગયા વર્ષે આ સંદર્ભમાં સીબીઆઈ દ્વારા નોંધવામાં આવેલા કેસના આધાર પર આ કેસ છે. ગયા વર્ષે એવો આક્ષેપ કરીને ફરિયાદ કરાઈ હતી કે, હરિયાણા સરકારને વણઓળખાયેલા સરકારી કર્મચારીઓ સાથે મળીને ખાનગી બિલ્ડરોએ કાવતરુ ઘડી કાઢ્યું હતું અને ખેડૂતો પાસેથી ૪૦૦ એકર જમીન મેળવી લેવામાં આવી હતી. આ જમીન ગોરેગાંવ જિલ્લામાં માનેસર, નવરંગપુર, લખનૌલામાં મેળવવામાં આવી હતી. એવો આક્ષેપ પણ કરાયો હતો કે, જમીન માલિકોને આના લીધે ૧૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. ગયા સપ્તાહમાં હૂડાના આવાસ ઉપર ઉંડી તપાસ કરાઈ હતી. ઈડી દ્વારા ટૂંક સમયમાં સીબીઆઈ પાસેથી દસ્તાવેજોની નકલ મેળવવામાં આવે તેવી શક્યતા છે.

## અદબ પલાંઠી મોં પર આંગળી

● ૪ પાનાનું ચાલુ...

મિસરી
માણસોની વચ્ચે
ચકલીની વાત
કાગડાને કહેવાય નહી,
કદાચ એ ગામ આખા ને કહી દે.
અને હરણની વાત
શિયાળને કહેવાય નહી
એ સિંહને જઈને પણ ખબર આપી શકે.
આટલી વાત સમજતા
મને વરસો લાગ્યા -
હવે હું કાગડા અને શિયાળની વચ્ચે
બેસું છું ખરો
પણ
બોલતો નથી .

(વિપિન પરીખ...)

# યોજનાઓનો વ્યાપ વિસ્તારવા તલાટીઓ સંવાહક બને

## મહેસુલ તલાટીઓને નિમણૂંક પત્રો અપાયા : તલાટીઓને મુખ્યમંત્રીનું સૂચન

## બજેટમાં કુલ ૭૦૦૦૦ સરકારી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયાનું સુદ્દઢ આયોજન

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજય સરકારની વિવિધ કલ્યાણ યોજનાનો વ્યાપ છેવાડાના માનવી સુધી વિસ્તારવાનો પ્રોએક્ટિવ રોલ નિભાવવા નવનિયુક્ત રેવન્યુ તલાટીઓને આહવાન કર્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, મહેસુલ વિભાગ સરકારની છબિ જનમાનસમાં પાડતો વિભાગ છે અને તેના પાયાના કર્મયોગી તરીકે તલાટીએ સંવેદનશીલ માનવીય અભિગમથી જરૂરતમંદો, છેવાડાના માનવી, ગરીબ-વંચિત સુધી લક્ષિત લાભ પહોંચાડીને ભરોસો-વિશ્વાસનું વાતાવરણ સર્જવાના સંવાહક બનવાનું છે. મુખ્યમંત્રીએ રાજયની મહેસુલી સેવાઓના સુદઢીકરણના ભાગરૂપે તલાટી ભરતી પ્રક્રિયામાં સફળ થયેલા ૮૪૫ યુવતિઓ સહિત ૨૩૪૩ નવનિયુક્ત તલાટીઓને નિમણૂકપત્રો મહાત્મા મંદિરમાં અર્પણ કર્યા હતા. વિજય રૂપાણીએ રાજય સેવામાં પદાર્પણનું પ્રથમ પગથિયું તલાટી તરીકે નિમણૂક મેળવીને સર કરી રહેલા યુવાનોને પ્રેરણા આપી હતી. તેમણે ઉમેર્યું કે, તલાટી તરીકે નિમણૂક મેળવનારા આ હોનહાર યુવાધનને વધુ બઢતીની તકો તલાટીથી ઉપરના પદ પર આપી શકાય તે સમગ્ર બાબતે સરકાર સકારાત્મક રીતે વિચારાધીન છે. મુખ્યમંત્રીએ રાજય સરકારના આ વર્ષના બજેટમાં ૭૦ હજારથી વધુ જગ્યાઓ સરકારી સ્થાનો પર ભરતી કરવાના પ્રાવધાનની ભૂમિકા આપતાં કહ્યું કે, ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં ૧૯૮૫થી ભરતી પર પ્રતિબંધ લાવવામાં આવેલો. આના પરિણામે તલાટી સહિતની અનેક જગ્યાઓ ખાલી રહી અને ગુજરાતના યુવાધનને સરકારી સેવાની તકથી વંચિત રહેવું પડ્યું. વર્ષ ૨૦૦૦માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં મેનપાવર પ્લાનિંગ કરીને સરકારમાં ખાલી જગ્યાઓ પર ભરતી, બઢતીની પ્રક્રિયાને નવું કલેવર




આપ્યું છે.

અગાઉ તલાટીઓને અનેક ગામોની જવાબદારી સોંપવામાં આવતી હતી હવે પાંચ ગામડાથી વધારે ગામની જવાબદારી નહીં સોંપાય તેમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે આના પરિણામે ગ્રામજનોને પણ તલાટી સાથેના કામગીરી વ્યવહાર, દાખલા મેળવવા, નામ દાખલ કરાવવા જેવી બાબતોમાં સરળતા રહેશે અને વચેટિયા વિના ભ્રષ્ટાચાર વગર સવલતો સેવાઓ સરળતાએ મળતી થશે.

# ઘ-૪ પાસે નકલી પોલીસે કાપડના નાના વેપારીને લુંટયો

## નકલી પોલીસના વાહનની વિગત આપો તો ફરિયાદ લઈએ : પોલીસ

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ખાતે પુષ્પક એપાર્ટમેન્ટમાં રહેતા અને મીના બજાર ખાતે કાપડનો વેપાર કરીને પેટીયુ રળતા આધેડ વયના નાના વેપારીને આજે બપોરે ઘ-૪ થી મહાત્મા મંદિર માર્ગ પર સ્કુટર પર નીકળેલા બે શખ્સોએ પોલીસની ઓળખ આપીને લુંટી લીધો હોવાની ઘટના બનવા પામી છે.

મુખ્યમંત્રીનો મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમ હોવાથી આ વિસ્તાર આખો પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો હતો. તેમ છતાં આ જ વિસ્તારમાં સ્કુટર પર આવેલા બે શખ્સો એ પોતે ક્રાઈમ બ્રાન્ચમાં હોવાનું કહીને નાના વેપારી શિવધારીસિંહ મોતીલાલ ચૌહાણને ઉભા રાખી તપાસવા લાગ્યા હતા. ખિસ્સામાંથી રૂ. ૧૨૫૦ નિકળતા રૂપિયા લઈને નકલી પોલીસ ત્યાંથી સરકી ગઈ હતી. વેપારી સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપવા ગયો તો ત્યાં પણ નિરાશાજનક જવાબ મળ્યો હતો. નકલી પોલીસના સ્કુટરની વિગતો હોય તો ફરિયાદ લઈએ તેવો જવાબ મળતા શિવધારીસિંહે સીસીટીવી કેમેરા તપાસ કરવા અનુરોધ કર્યો હતો તો પોલીસે કહી દીધું કે આ કેમેરામાં રેકોર્ડીંગ થતું નથી. તપાસ કરવી ન પડે તે માટે મન ફાવે તેમ ફરિયાદીને ઉઠા ભણાવીને તગેડી દેવાનો સીલસીલો હજુ યથાવત છે.

## ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સ્વમુખે પઠનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આગામી તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫.૩૦ કલાકે સર્જકની કેફિયત અંતર્ગત સ્વમુખે પઠનનો કાર્યક્રમ સે-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. જેમાં સાહિત્યસભાના સભ્ય અને કવિ ભરત પાઠક 'નયન'ના કાવ્ય સંગ્રહ 'છેવટે લખવું પડયું'ની કૃતિઓનો સ્વમુખે પઠન તથા કટાર લેખક મનોજ શુકલનો 'શબ્દ સમીપ રહેવાનો આનંદ' વિષય અંગે વકતવ્યનો કાર્યક્રમ યોજાશે.

## નહિ ચલાવાય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગતિશીલ ગુજરાતના લક્ષ્યાંકો જે બાકી છે તે પણ ૩૦-૯-૧૬ સુધીમાં પુરા થાય તે જોવા તેમણે તાકીદ કરી હતી તેમજ થયેલ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

દેસાઈએ મહિલા અને સંકલિત બાળ વિકાસ યોજનાઓના અમલીકરણ પર પણ વિશેષ ભાર મુક્યો હતો તેમજ કુપોષિત બાળકો અંગે ચિંતા વ્યક્ત કરી પૂરક પોષણ યોજનાના અસરકારક અમલીકરણનું મોનીટરીંગ કરવા સૂચવ્યું હતું.

ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં ગામતળ ઉપલબ્ધ નથી તે ગામોની દરખાસ્ત પણ સમયસર રજુ કરી અને તે થીમ ઝડપથી થાય તે જોવા તેમણે તાલુકા વિકાસ અધિકારીઓને જણાવ્યું હતુ. સ્વચ્છતા મિશન અંતર્ગત પણ અમલીકરણની ઉદાસીનતા ખંખેરવા તેમજ પંચાયતોના વેરાની વસુલાત બાબતે પણ તેમણે ચિંતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ઘણી બધી પંચાયતોમાં ગત વર્ષની તુલનામાં આવકો ઘટી હોવાનું ધ્યાને આવ્યુ છે તે યોગ્ય લેખી શકાય નહિ.

જિલ્લામાં વેરા વસુલી તેમજ આવાસ યોજનાના જે ચડત કામો છે તે સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા આગ્રહ કરી દર પંદર દિવસે તેનું મોનીટરીંગ કરવા તાકીદ કરી હતી.

આજે ત્રણ કલાકથી પણ વધુ ચાલેલી બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ એવો પણ સંકેત આપ્યો હતો કે હવે પછી તેઓ શાખાવાર યોજનાઓના અમલીકરણ અંગે નિયમિત બેઠકો શાખાવાર કરશે.

## ગુમ થયેલ છે

સેક્ટર-૭ (ડી)થી સેક્ટર-૧૧, મેઘમલ્હારના માર્ગ પર બે પાસપોર્ટ અને રોકડ રકમ પડી ગઈ છે. જે કોઈને મળેલ હોય તેમને પરત આપવા વિનંતી છે.

એન. જે. સોલંકી
પ્લોટ નં. ૧૩૧૨/૨,
સેક્ટર-૭(ડી), ગાંધીનગર
ફોન : ૯૯૨૪૨ ૯૨૪૪૦

# ઓઈલ ભરેલી ટેન્કરો સાથે ત્રણ ઓઈલ ચોર ઝડપાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર રેન્જ આઈજીપી મનોજ શશીધરની સુચનાથી તેમની આર.આર. સેલ સ્કવોર્ડના પીએસઆઈ વી.યુ ગડરીયા તથા તેમની ટીમે ઓઈલ ચોરોને ચોરી કરવાના સાધનો સાથે દબોચી લીધા છે. મહેસાણાના કડી કલ્યાણપુરા માર્ગ પર રાખડીયા ગામની સીમમાં એક ચાના ગલ્લાની પાછળ કેટલાક શખ્સો ઓઈલ ટેન્કરોમાંથી ઓઈલ ચોરીને બેરલોમાં ભરી રહ્યા હતા. બાતમી આધારે રેડ કરતા એક શખ્સ ભાગી ગયો હતો જયારે ત્રણ શખ્સો રાજસ્થાન બાડમેરના મોલારામ ઠાકરારામ બિશ્નોઈ, કડીના કુંડાળ ગામના ભાવેશ ઈશ્વર રામી અને



વિજય સોના નાયીને પકડી પાડયા હતા. ઓઈલના બે ટેન્કર, ચોરી કરવાના સાધનો, લોખંડ અને પ્લાસ્ટીકના કેરબા મળી કુલ રૂ. ૩૪,૫૬,૨૪૫ની કિંમતના મુદામાલ સાથે ત્રણેયની ધરપકડ કરી વધુ પુછપરછ શરુ કરવામાં આવી છે.



ગાંધીનગરના દિનેશ ચૌહાણ (માહિતી ખાતુ)ના સુપુત્ર જીમીત ચૌહાણને ફીજી ખાતેની સર્વિસ પ્રો. ઈન્ટરનેશનલ ટુરીઝમ હોસ્પિટાલીટી ઈન્સ્ટીટ્યુટમાં "સ્ટુન્ડ ઓફ ધ ઈયર-૨૦૧૬"નો એવોર્ડ મળ્યો.

## આજે 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' નિમિત્તે રેલી યોજાશે

ગાંધીનગર શહેર પોલીસ તંત્ર અને શહેર હોસ્પિટલ તંત્રના સહયોગથી 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' નિમિત્તે સુરક્ષા સેતુ ગાંધીનગર તરફથી સવારે ૯ કલાકે શહેરના ઘ-૩ થી ઘ-૪ સુધી સમાજમાં આત્મહત્યાના બનાવો ઘટે તે ઉમદા હેતુથી માર્ચ પાસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY
Dept of Science & Technology, Govt of Gujarat
Block B, 7th Floor, M.S. Building, Sec 11, Gandhinagar 382011
Phone: 079-23259362-68, Fax: 079-23259363
Web: www.gujcost.gujarat.gov.in; Email: info-gujcost@gujarat.gov.in

SHORT TENDER NOTICE FOR DESIGN & PRINTING OF NCSC BOOK

Gujarat Council on Science and Technology (GUJCOST) invites sealed Tender from the professional design and printing agencies to design and print Activity Guide book for the National Children Science Congress 2016-17. Interested agencies can collect tender documents from the GUJCOST office on a payment of Rs.1000/- as tender fees from 10/09/2016 to 16/09/2016 or can be downloaded from the GUJCOST website and submit the same with an EMD of Rs.20,000/-. Last date for submission of Tender document is 16/09/2016 at 15:00 hrs. GUJCOST reserves the right to accept / reject any or all tenders without assigning any reasons whatsoever.

Date: 9 September 2016 Advisor & Member Secretary

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ